સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ચરે 'ઉંદરો'ને જ 'ખેતરપાળ' થઈને વિચરે છે,
કામ કરે ન કોઈનું, માત્ર દેખાયતો સૌ ડરે છે!
લાગ જોઈને મારે ઘૂસ, ડંખે ઝેરી કોબ્રા થઈને -
અતૃપ્ત આત્માઓ મંત્રી નિવાશે 'નાગ' થઈ ફરે છે...
(નાગપાંચમ)

હાઈકુ

કરજો પૂજા -
પીવડાવજો દૂધ -
મળશે કૃપા!!
(નાગદેવનું પૂજન)

બધા જિલ્લાના
છે આવન-જાવન -
સર્વ નાગોની...
(સર્પ ગૃહ અહીં છે)

ચિંતન

મધુ નક્તમુતોષસો મધુમત્પાર્થિવં રજઃ ।
મધુ ધૌરસ્તુ નઃ પિતા ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

સંસારમાં એવાં કાર્યો કરવા જોઈએ, જેથી દરેકને સુખ શાંતિ અને પ્રસન્નતા મળે.

જીવનની દરેક સિદ્ધિનો આધાર કર્તવ્યપરાયમતા પર રહેલો છે. મનની સમર્થતા અને શ્રેષ્ઠતા માટે તેને ચિંતા, નિરાશા, ભય, ક્રોધ, આવેશથી બચાવવાનું કામ આપણું જ છે. એનાથી જ અંતઃકરણમાં ઉલ્લાલ, ધૈર્ય, સાહસ, સંતોષ,સ્થિરતા, એકાગ્રતા, વિશ્વાસ જેવા સદ્‌ગુણોનો સમાવેશ થાય છે. મનને જંગલી ઘાસની જેમ મનફાવે તેમ સ્વચ્છંદ બનવા દીધું તો તે જાતે જ આપણું દુશ્મન બની જશે.

સૌ કોઈ પ્રગતિના માર્ગ પર સરળતાથી ચાલી શકે તે માટે જરૂરી છે કે આપણે બધા પોતાનાં કર્તવ્યોને સારી રીતે સમજીએ, આત્માના અવાજને સાંભળીએ અને પરમાત્માના નક્કી કરેલા કર્તવ્યોનું પાલન કરી માનવજાતને સાર્થક બનાવવાના પ્રયત્નો કરતાં રહીએ.

સુવિચાર

- અપને હોઠોં કો સી લીયા જાયે... જી મેં આયા હૈ જી લીયા જાયે... - **અનુપ સોની**
- જિંદગી ને આસાન નહીં, ખુદ ને મજબૂત બનાવતા શીખી જાવ - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણા કાર્ય સિવાય આપણી હસ્તરેખાને કોઈ ઉકેલી શકતું નથી - **આચાર્ય શિરીષચંદ્ર**
- વિકલ્પો તો બહુ મળશે રસ્તો ભૂલાડવા માટે,
  પ્રતિજ્ઞા એક જ કાફી છે મંઝિલ સુધી પહોંચાડવા માટે - **બોધિ વૃક્ષ**
- જે લોકો પોતાને શ્રેષ્ઠ બનાવવા સક્ષમ નથી હોતા, તેઓ ફરિયાદ કરતા હોય છે - **વજુ કોટક**
- 'માપસર' નું બોલવું એટલે કેટલું બોલવું ?
  જવાબ : સાંભળનારની જેટલી 'સમજણ' હોય એટલું જ - **ફુલછાબ**
- આજનું ઔષધ : કફ થતો હોય તો ગરમ ચામાં અરડૂસીનો રસ,સાકર અને ચપટી સંચળ નાખી સવાર સાંજ પીવાથી કફ નીકળે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અંગ્રેજો ભારત પર શાસન કરતા હતા ત્યારની વાત છે. ઉત્તરપ્રદેશના એક નાના નગરમાં અંગ્રેજ અમલદાર તપાસ માટે ગયા. અમલદારે શિક્ષકને અંગ્રેજીમાં પ્રશ્નો પૂછ્યા હતા ત્યારે એમના પ્રશ્નોના જવાબ શિક્ષકે સંસ્કૃત ભાષામાં આપ્યા. વિદ્યાર્થીઓ નવાઈથી એકને અંગ્રેજીમાં અને બીજાને સંસ્કૃતમાં બોલતા સાંભળી રહ્યા. થોડીવારમાં અંગ્રેજ અમલદારે સંસ્કૃતમાં બોલ્યા ત્યારે શિક્ષકે એ વખતે અંગ્રેજીમાં જવાબ આપ્યા. અમલદારે રજા લીધા પછી વિદ્યાર્થીઓએ ગુરુજીને પૂછ્યું, 'જયારે અંગ્રેજ સાહેબ અંગ્રેજીમાં બોલતા હતા ત્યારે તમે સંસ્કૃતમાં જવાબ આપતા હતા અને પછી મોટા સાહેબ સંસ્કૃતમાં બોલ્યા ત્યારે તમે અંગ્રેજી શરૂ કર્યું, આમ કેમ??' ગુરુજીએ જવાબમાં કહ્યું, 'એમાં સ્વમાનનો સવાલ હતો. અંગ્રેજ સાહેબે એમની માતૃભાષા વાપરી તો મેં પણ આપણી માતૃભાષા વાપરી. આપણને આપણી માતૃભાષાનું ગૌરવ હોવું જોઈએ. પણ જયારે તેઓ સંસ્કૃતમાં બોલ્યા ત્યારે મને થયું કે એમને આપણી માતૃભાષાનું સન્માન કર્યું છે તો મારેય એમની ભાષાને માન આપવું જ જોઈએ, એટલે મેં અંગ્રેજી બોલીને એમને બતાવ્યું કે અમે પણ અમારી ભાષાને માન આપનારાને માન આપીએ છીએ.' વિદ્યાર્થીઓને ગુરુની વાત શીરાની જેમ ગળે ઉતરી ગઈ.

શ્રેય અગ્નિકાંડ : તંત્રને લપડાક

તંત્રીસ્થાનેથી...

કોરોના સંક્રમણ સામે ગુજરાત સરકાર વિવિધ સ્તરે લડત આપી રહી છે ત્યારે અમદાવાદની શ્રેય હોસ્પિટલ ખાતે બનેલી ગમખ્વાર ઘટના વ્યવસથામાં રહી ગયેલી ગંભીર ક્ષતિઓનું વરવું દૃષ્ટાંત બની ગઈ છે. ફાયર સેફ્ટી વગરની હોસ્પિટલ સાથે 'કોવિડ કરાર' કરવા તે જ શું બ્યુરોક્રસીની બોદી રણનીતિ નથી ? મોટા ઉપાડે અમદાવાદ મોડલનાં ગુણગાન ગાનારા હાકેમોની બોલતી બંધ થઈ જાય એવી આ લપડાક છે. શ્રેય હોસ્પિટલ તરીકે માન્યતા આપવી અને દરદીઓને જીવના જોખમે લખલૂટ ફી સાથે મરવા માટે મજબૂર કરી દેવા એવી ક્રૂર સાઝિશ કુદરતે ખુલ્લી પાડી દીધી હોય એમ નથી લાગતું ? કોવિડ હોસ્પિટલ તરીકે માન્યતા પ્રાપ્ત ઘણી હોસ્પિટલોની ફાયર સેફ્ટી ચેક કર્યા વગર જ મોંઘી ફી વસૂલી લાચાર દર્દીઓની ભેટ ધરવી તે માનવતાનો દ્રોહ નથી શું ? શ્રેય હોસ્પિટલના સંચાલક ભરત મહંત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અને માધવસિંહ સોલંકીના મંત્રીમડંળના 'નંબર ટુ' કેબિનેટ મંત્રી વિજયદાસ મહંતના પુત્ર છે. સંજોગો બલાતાં તેઓ ભાજપમાં જોડાયા છે. નવરંગપુરા જેવા સમૃદ્ધ વિસ્તારમાં ચાર માળની મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ ઊભી કરીને સેવાકીય ક્ષેત્રને લુક્રેટિવ બિઝનેશમાં ફેરવી દીધા પછી પણ જો બેઝિક ધારાધોરણો પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવતા હોય તો એવી હોસ્ટિપલ અને એના સંચાકો સામે માનવવધનો જ ગુનો દાખલ થવો જોઈએ. અદ્યતન લોકસિસ્ટમ જ આઈસીયુના કમનસીબ દરદીઓ માટે મોતનું ફરમાન બની ગઈ. નહીંતર આઠે આઠ દરદી આગના કૂવા જેવા ચોથા માળેથી બહાર આવી શક્યા હોત અને ઓછાવત્તા બર્ન્સ સાથે અત્યારે સારવાર હેઠળ હોત. વળી, જેમને કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો હોય એવા દરદીઓને પણ આઈસીયુમાં જ ગોંધી રાખવાનો મૃતક દરદીઓના સંબંધીઓનો આક્ષેપ પણ ધ્યાને લેવા જેવો છે. અદ્યતન સુવિધાઓ ઍરટાઈટ 'આઈસીયુ' - ફિંગર પ્રિન્ટ લોક પણ ફાયર સિસ્ટમ ગૂમ ! આઠ દરદીઓ સાજા થવા માટે હોસ્પિટલમાં દાખલ થયા હતા. હોસ્પિટલ જ એમના માટે 'ગૅસ ચેમ્બર' બની રહેશે એવી તો એમને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય. વળી દરદીઓ પાસેથી રોજેરોજ પચાસ હજાર જેવી માતબર રકમ વસૂલાતી હતી અને એ માટે એમના સંબંધીઓ પર હોસ્પિટલ મેનેજમેન્ટ તરફથી ઉઘરાણીના ફોન આવતા હતા. રાતના ત્રણ વાગ્યે બનેલ કરુણ ઘટના અંગેના સમાચાર એમને હોસ્પિટલ તરફથી નહોતા મળ્યા. એ તો એમને મીડિયા મારફત જાણ્યા હતા. આખી ઘટના માનવી કઈ હદે માત્ર અને માત્ર અર્થલક્ષી અને સ્વકેન્દ્રીત બની ગયો છે, એની સાહેદી પૂરે છે. કોરોનાના ગંભીર કેસોને અપાતાં મોંઘાદાટ ઈંજેક્શનોની ડુપ્લીકેટ આવૃત્તિઓ રાતોરાત તૈયાર થાય છે, વેચાય છે અને કમનસીબ દરદીઓ એ ખરીદવા પડાપડી કરે છે. આયુર્વેદિક દવાઓ બનાવતી કંપનીઓ પણ શું કામ પાછી પડે ? પ્રતિકાર શક્તિ વધારવા માટેનાં ઓસડિયાં લસોટી એ પણ વેપલો માંડી બેઠી છે. સેનિટાઈઝરના નામે ઢગલો બ્રાન્ડ બજારમાં મુકાઈ રહી છે. સાબુની જાહેરાતોથી ટીવી ચેનલો છલકાઈ રહી છે. આ સૅનિટાઈઝરમાં જે ઈથાઈલ આલ્કોહોલ છે એ સળગી ઊઠે છે ત્યારે કેવી ક્રૂર દુર્ઘટના સરજાઈ શકે છે એનું ઉદાહરણ શ્રેય હોસ્પિટલનો ગમખ્વાર બનાવ છે. કોઈ મશીનરીમાં શોર્ટ-સર્કિટને લીધે સ્પાર્ક થયો, મહિલા દરદીના વાળ સળગવા માંડ્યા, એને ઓલવવા દોડેલા વોર્ડ બોયની પીપીટી કીટ સળગી અને પછી આખો આઈસીયુ વોર્ડ સ્મશાનની ભઠ્ઠીમાં ફેરવાઈ ગયો. જીવ બચાવનારું વિજ્ઞાન પણ કયારેક કેવું ભયંકર સ્વરુપ ધારણ કરી નિર્દોષ માનવીઓના જીવ લઈ શકે એનું આ જીવતુંજાગતું, આંખ ઉખાડનારું ઉદાહરણ છે.

જીન કે ખુદ કે ઘર શીશે કે હો, વો દુસરોં પર પથ્થર નહીં ફેંકા કરતે..

જીન કે ખુદ કે ઘર શીશે કે હો, વો દુસરોં પર પથ્થર નહીં ફેંકા કરતે..
- વક્ત

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

૧૯૬૫માં 'યશ ચોપડા' નિર્દેશિત આ ફિલ્મ હિન્દી ફિલ્મ સિનેમાની સદાબહાર ફિલ્મોમાંથી એક છે. મલ્ટી સ્ટારર આ ફિલ્મમાં બલરાજ સહાની, સુનિલ દત્ત, રાજકુમાર, શશીકપૂર, રહેમાન, શર્મિલા ટાગોર, સાધના જેવા દિગ્ગજો એ અભિનય આપ્યો હતો. 'ધૂલ કા ફૂલ' અને 'ધરમપુત્ર' જેવી સફળ ફિલ્મો આપી ચૂકેલ યશ ચોપડાને આ ફિલ્મે સફળતાના શિખર પર બેસાડી દીધા.

અખ્તર-અલ-ઈમાન દ્વારા લખાયેલા આ ફિલ્મના સંવાદો અને રાજકુમારની આગવી શૈલીમાં બોલાયેલ અફલાતૂન ડાયલોગ આ ફિલ્મનું મહત્ત્વનું પાસુ હતું. ચિનોય શેઠ... જિન કે ઘર શીશે...' વાળો આ સંવાદ તો ત્યારબાદ તોડી મરોડીને અનેક ફિલ્મોમાં ઉપયોગમાં લેવામાં આવ્યો છે. આ ફિલ્મને ફિલ્મફેરમાં 'ઉત્કૃષ્ટ સંવાદ'નું પારિતોષિક પણ મળ્યું હતું.

આ ફિલ્મ ૧૯૬૯માં તેલુગુ અને ૧૯૮૧માં મલયાલમ રીમેક બની ચૂકી છે. મલયાલમ રીમેક 'કોલીલક્કમ' ના અંતિમ દૃશ્યના હેલિકોપ્ટર સ્ટંટ શૂટિંગ દરમિયાન મલયાલમ એક્શન સુપરસ્ટાર 'જયન'નું હેલિકોપ્ટર ક્રેશના કારણે મૃત્યુ થયું હતું.

આ સફળતમ એવરગ્રીન સંવાદ જેવી જ કાલજયી પંક્તિ 'યજુર્વેદીય ઉવ્વટ ભાષ્ય'માં મળી આવે છે.

ન હિ સ્વયમપ્રતિષ્ઠિતોઽન્યસ્ય પ્રતિષ્ઠાં કર્તું સમર્થ : ॥

- જે પોતે જ સ્થાયી નથી, તે બીજાને પ્રતિષ્ઠિત (સ્થાયી) કરી શકતો નથી.

આપણા ચાર વેદ. ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને સામવેદ. મહાભારત ભાષ્ય રચાયા. જેમાં સાયણાચાર્યએ ચારેય વેદ ઉપર ભાષ્ય રચ્યા, જેને સૌથી વધુ પ્રમાણિત મનાય છે.

તેવી જ રીતે શુક્લ યજુર્વેદ પર ઉવ્વટ અને મહીધર દ્વારા ભાષ્ય રચવામાં આવ્યા. જે ઉવ્વટ આચાર્યની ઉપરોક્ત પંક્તિ આપણે ઉપર જોઈ.

સત્યનું પ્રતિષ્ઠાન તો વર્ષો પહેલા ઉવ્વાટાચાર્ય દ્વારા થઈ જ ચૂક્યું હતું. પરંતુ ૧૯૬૫માં 'વક્ત' ફિલ્મમાં તો તેની તે જ વાતનું પુનઃ અધિષ્ઠાન કરવામાં આવ્યું છે. સંસ્કૃતભાષા-દેવભાષા તો દરેક વ્યક્તિને માર્ગદર્શિત કરે છે... આપણે થયું કે નહીં તે આપણા પર નિર્ભર કરે છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

રવિવારે સાહિત્ય સભા દ્વારા ઓનલાઈન 'મહેફિલ' કાર્યક્રમ યોજાશે

● વૃત્ત સંચય

● ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક છેલ્લા ૨૩વર્ષથી, દર માસના બીજા રવિવારે અચૂક મળે છે. વૈશ્વિક મહામારી કોરોના કેરના કપરા કાળમાં પણ, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને, સાહિત્ય મહેફિલથી માતૃભાષાના સાહિત્યને જીવંત રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ માસની મહેફિલ 'તો પણ ગમે..'ઝૂમ ઍપ્લિકેશન માધ્યમથી તા.૯-૮-૨૦૨૦ને રવિવારે, સાંજે ૫-૩૦ થી ૬-૩૦ દરમિયાન, સંજય થોરાતના અધ્યક્ષસ્થાને યોજાશે; જેમાં લોકબોલીના સર્જક અને જાણીતા કવિ રમેશ પટેલ 'ક્ષ' ગીત-ગઝલ સાથે તેમની હાસ્યરચનાઓ રજૂ કરશે. જેનું સંચાલન વાર્તાકાર કલ્પેશ પટેલ કરશે. મહામંત્રી રમેશ ઠક્કરે સાહિત્યપ્રેમીઓને હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● મહાત્મા ગાંધી સાહિત્યસેવા મંચ દ્વારા, રક્ષાબંધન પર્વને યાદગાર બનાવવા માટે, ઓનલાઈન કવિ સંમેલન, અધ્યક્ષ ડૉ. ગુલાબચંદ પટેલ અને રમેશભાઈ મૂલવાણીના પ્રયત્નોથી, રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ, ગુજરાતના પૂર્વ સાંસદરતિલાલ વર્માના અતિથિવિશેષ પદે અને શૈલેષ વાણીયા'શૈલ'ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયું. જેમાં ૧૦૧ કવિ મિત્રોએ, ભાઈ-બહેનના હેતની અવિરત સરવાણી, ગીત-ગઝલથી વહાવી હતી. પ્રાર્થના ચેતનાબેન દ્વારા અને આભારવિધિ ભાવનાબેન સાવલિયાદ્વારા કરવામાં આવી હતી.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

ગોળમેજી પરિષદ અને ગાંધીજીની યુરોપયાત્રા

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

૨૯મી ઓગસ્ટ ૧૯૩૧ના દિવસે શરૂ થયેલી મહાત્મા ગાંધીની ઇંગ્લાંડ તેમજ યુરોપના કેટલાક દેશોની યાત્રા એ બાપુની સમગ્ર માનવજાત તરફની અપ્રતિમ શ્રધ્ધાના ઉજળા પ્રકરણો છે. આ પ્રવાસમાં બનેલા પ્રસંગો ઘણા રસપ્રદ પણ છે. ગાંધીજીની ધારણા મુજબ તેઓ ભલે 'ખાલી હાથે' પાછા આવ્યા હતા પરંતુ ઇંગ્લાંડ તથા યુરોપના અનેક દેશોની પ્રજાના દિલ જીતીને પાછા આવ્યા હતા. કુમારી ક્યુરીએલ લેસ્ટરે ગાંધીના આ સમગ્ર પ્રવાસની વાતો નજરે નીહાળીને લખી છે. પૂરી યાત્રામાં લેસ્ટર બાપુની સાથે રહ્યા છે. દરેક પ્રસંગ લેખિકાએ હેતુલક્ષી રીતે લખવાનો સફળ પ્રયાસ કર્યો છે.

ગાંધીજીની રસદર્શિતાનું એક ઉદાહરણ લેસ્ટરે ટાંક્યું છે. બાપુને કોઈએ નિમંત્રણ આપ્યું. '' બાપુ ! અમારી સાથે લોકનૃત્યમાં જોડાશો ?'' બાપુ પ્રસન્ન થતાં કહે : '' કેમ નહિ ? આ લાકડી નૃત્યમાં મારી જોડીદાર બનશે !'' કોઈએ નૃત્ય અંગે અણગમો બતાવ્યો. ગાંધી તે સંદર્ભમાં કહે છે : '' લોકનૃત્ય એ નિર્દોષ મનોરંજનછે. ઉપરાંત એ વિલાયતનો જૂનો રિવાજ છે. આપણે તેના પ્રત્યે સમભાવ કેળવવો જોઇએ.'' બાપુની આ કલા તરફની લાગણી તેમના વ્યસ્ત જીવનમાં અનેક પ્રસંગોમાં વ્યક્ત થઇ છે. ઢસાના દરબાર ગોપાળદાસ દેસાઇની રાસમંડળીમાં તેમણે બતાવેલો ઊંડો રસ એ તેનું એક આવુંજ ઉદાહરણ છે. આ મહાત્માએ મેઘાણીભાઇને લગ્નગીતો સંભળાવવાનું કહ્યું હતું અને ગીતો મનભરીને માણ્યાં હતા તેમ નોંધાયું છે. ગાંધીના જીવનને શુષ્કતા કે બીબાઢાળ ખાનામાં ગોઠવીને જોવાનો પ્રયાસ કરનારસુધી આખેઆખા ગાંધી પહોંચતા નથી.

બ્રિટનની સરકારે યોજેલા તે સમયના અતિ ભવ્ય તથા ભભકાદાર સમારંભમાં આ કંગાળોના પ્રતિનિધિ પોતાના રોજીંદા પહેરવેશમાંજ ગયા. ચર્ચિલની અનિચ્છા છતાં સાદા કપડામાં સજ્જ એવા જ્યોતિર્ધર ગાંધી સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા. ટીકા કરનારાઓ પણ તેમની હાજરીને અવગણી શક્યા નહિ. સમારંભ દરમિયાન વિશ્વના અનેક વિસ્તારો પર જેમના નામે શાસન ચાલતું હતું તે 'શહેનશાહલ્લ સાથેના સંવાદમાં 'પોરબંદરનું પાણીલ્લ જાણે કે રામકથાના ધનુષ્યભંગ જેવો પ્રભાવ ઊભો કરે છે. છતાં પણ અવિવેકનો એક છાંટો પણ યજમાન સુધી ન પહોંચે તેની પૂર્ણ 'એટીકેટ' ગાંધી જાળવે છે. રાજાએ પૂછ્યું : '' તમે મારા પુત્રની ભારતયાત્રા દરમિયાન તેનો બહિષ્કાર કેમ કર્યો ? લ્લ્લ ગાંધીનો નિર્ભીક તથા ગરીમાયુક્ત જવાબ : '' આપના પુત્રનો નહિ પરંતુ બ્રિટિશ તાજની સરકારે નીમેલા પ્રતિનિધિનો એ બહિષ્કાર હતો, સકારણ હતો. લ્લ્લ કોઇ વ્યક્તિ સામે પૂર્વગ્રહ સિવાય અન્યાયી વ્યવસ્થા પર કઠોર પ્રહાર કરવાની ગાંધીજીની આ રસમ જગતના સંઘર્ષોના ઇતિહાસમાં અનેરી ભાત ઊભી કરે છે.

મહાત્મા આ ઐતિહાસિક યાત્રામાં ઇટલીમાં સરમુખત્યાર શાસક મુસોલીનીને મળે છે. મુસોલીની યુક્તિપૂર્વક પૂછે છે : ''સ્વતંત્ર હિન્દ ઇટલી જોડે મિત્રતા બાંધે તેમ તમે નહિ ઇચ્છો ?'' ગાંધી આ વચનનો મર્મ કળીને કહે છે : ''મારી કલ્પનાનું સ્વતંત્ર હિન્દ માત્ર ઇટલી સાથેજ નહિ પરંતુ સમગ્ર દુનિયા સાથે મિત્રતા અને શાંતિથી રહેવા પ્રયાસ કરશે.'' મુસોલીની સંવાદમાં થોડા આગળ ગયા. ગાંધીને મુસોલીની પોતાની ફાસીસ્ટ ઢબની એકહથ્થુ સત્તાના માળખા વિશે પૂછે છે : આ જે લશ્કરી રાજ્ય ઊભું કર્યું છે તેના વિશે તમે શું માનો છો ?'' ફરી મહાત્માનું તેજ પ્રગટે છે. ઉત્તર વાળે છે : '' મને તો લાગે છે કે તમે આ ગંજીફાનો મહેલ ઊભો કરી રહ્યા છો. '' કેવી મોટી વાત – સરળ – સચોટ તથા સીધા શબ્દોમાં વ્યક્ત થઇ છે ? એકહથ્થુ શાસનના ગઠન અંગેનું આ 'ગાંધીયન પ્રિસ્ક્રીપ્શન' ક્યારે પણ અપ્રસ્તુત થશે ખરું ? ગાંધી વિચારને હવે અપ્રસ્તુત માનનારાઓએ આ વાત પર વિચાર કરવા જેવો ખરો.

બ્રિટિશ તાજની શાહી મહેમાનગતી વિચારપૂર્વક જતી કરીને આ મહાત્મા મ્યુરિએલ લેસ્ટરના આશ્રમ કહી શકાય તેવા સામુહિક પ્રવૃત્તિથી ધબકતા ઘરમાં રહ્યા. આ નિર્ણયથી તેઓ લંડનના આમજનો સાથે જોડાયા.

સાધારણ લોકો રહેતા હતા તે વિસ્તારમાં આમજનતા સાથે રહેવાનો ગાંધીનો નિર્ણય કેટલો દીઘર્દ્રષ્ટિયુક્ત હશે ! ગાંધીજી યાત્રા પછી 'નવજીવન' માં લખે છે : '' નેતાઓના પરિચય કરતાં ઘણો વધારે લાભકારક એ આમવર્ગના પરિચયને હું ગણું છું. અહીં આ આશ્રમમાં ધનિક કુટુંબની દીકરી સ્વેચ્છાથી સેવાનું કાર્ય કરે છે. પોતે પણ સૌ સાથે સાદગી તેમજ ટાંચા સાધનો સાથે રહે છે. અહીં રહીને આસપાસ રહેતા ગરીબોના હૃદયમાં હું પ્રવેશ મેળવી શક્યો. આ લોકોના પ્રેમમાં હિન્દુસ્તાનની આમ પ્રજાના પ્રેમનું હું દર્શન કરી શક્યો. પૂર્વ પશ્ચિમ વચ્ચેનો ભેદ મારામાં ક્યાંક હશે તો તે ભૂંસાઇ ગયો. મનુષ્યે બાંધેલા વાડાઓ ખોટા છે તે વાત વધારે સ્પષ્ટ થઇ '' ઘનશ્યામદાસ બિરલા યાત્રામાં છે. તેઓ લખે છે : '' ગાંધીના ઉતારાની જગા નાની છે. પરંતુ આશ્રમના લોકો પ્રેમથી તેમની સેવાકરવા તત્પર રહે છે. મદદ કરનારા વેતન નથી માંગતા. છાપાના ફેરિયાઓ ગાંધીને વાંચવા છાપા નાખી જાય છે પરંતુ પૈસા લેતા નથી. અનેક લોકો મકાનની સામે ઊભા રહી આદર – અહોભાવ પ્રગટ કરતા રહે છે.'' તત્કાલિન બ્રિટિશ અખબારોમાંના કેટલાક અખબારો જેમણે ગાંધીજીની વિકૃત છબી ચીતરવાનો પ્રયાસ કર્યો હતો તેવા અખબારોની વિશ્વસનીયતા લોકમાનસમાંથી ઓછી થાય છે. એ સાથેજ બહેન મ્યુરિએલ લેસ્ટરને અનેક વિચારક બ્રિટિશ નાગરિકોના પત્રો પણ મળે છે. આ પત્રોમાં ગાંધીની મહેમાનગતી કરવા માટે ભારોભાર પ્રશંસા કરવામાં આવે છે. સિક્યુરીટીના બે બ્રિટિશ અધિકારીઓ ગાંધીના મિત્ર અને પ્રશંસક બની છૂટા પડે છે. લેંકેશાયર પરગણાના બેકાર મજૂરોને મળવાનુંઅને હમદર્દી વ્યક્ત કરવાની તક ગાંધી ચૂકતા નથી.

માનવજાતના શિક્ષક મહાત્મા ગાંધીના કેળવણી વિષયક વિચાર

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

આપણી આધુનિક કેળવણી રાષ્ટ્રીય નથી. તેથી પ્રજાને જે લાભ મળવો જોઇએ તે મળતો નથી.આપણા બાળકો કેળવણી લે તો ચીમળાઈ જાય છે તેઓ પુરુષાર્થહીન બને છે. તેઓને મળેલા જ્ઞાનનો ફેલાવો જનસમાજમાં નથી થતો, તેઓના કુટુંબમાં પણ નથી થતો. આધુનિક કેળવણીનો ઉદ્દેશ પણ યુવક વર્ગને મન તો કેવળ નોકરી મેળવી આર્થિક સ્થિતિ વધારવાનો હોય છે.

ઉપરના ફકરામાં લખાયેલા શબ્દો મહાત્મા ગાંધીના છે અને એ પણ ૧૦૦ વર્ષ પહેલાના. ગાંધીજીના સ્વ હસ્તાક્ષરમાં આ પત્ર ૧૮ જાન્યુઆરી, ૧૯૧૭માં લખાયેલો છે ગાંધીજીની આ વાતો આજે પણ એટલી જ સાચી છે. આઝાદી પછી આટલા વર્ષેય આપણે શિક્ષણ થકી સમાજ પરિવર્તન આપણે મેળવી શક્યા નથી. શિક્ષણ થકી મળેલા જ્ઞાનનો ફેલાવો જનસમાજ સુધી આપણે વિસ્તારી શક્યા નથી.

આજે એવી સ્થિતિ છે કે શિક્ષણ માત્ર ને માત્ર નોકરી મેળવવા માટેનો એક વિકલ્પ હોય એવું વાતાવરણ વિસકસી રહ્યું છે. રોજગાર ક્ષમતા અને રોજગાર ક્ષેત્ર- આ બે મુદ્દાને ધ્યાનમાં લઈને શિક્ષણ મેળવવાની ઘેલછા અત્યારે વ્યાપક બની છે.દર વર્ષે પ્રથમ વર્ષમાં કૉલેજમાં પ્રવેશ મેળવતા ૧૦૦ માંથી ૯૯ યુવાનના જવાબમાં ગ્રેજ્યુએટ બનીને નોકરી મેળવવાનો જ રસ્તો હોવાનું માને છે. ગાંધીએ સ્પષ્ટ કહ્યું છે કે 'કેળવણીની ઘટના જનસમાજની હાજતોને ઉદ્દેશીને હોવી જોઈએ એ કેળવણીનું સૂત્ર છે. આપણી શિક્ષણ સંસ્થાઓમાં આ વિચારને સ્થાન જ અપાયું નથી એવી સ્થિતિ છેલ્લ પણ ગાંધી આવી સ્થિતિને કોસતા રહીને બેસી ના રહેતા તેઓ તેમના વિચાર અને વિચારને પ્રયોજીને સારા પરિણામ મેળવવા સક્રીય બનતા હતા.ખૂટતી બાબતો જોડવા માટેના પ્રયાસો પણ પ્રયોજતા. સત્યના આ પ્રયોગવીરે શિક્ષણમાં બદલાવ આણીને પ્રજામતને કેળવવાનો સીધો રસ્તો જોયો, 'રાષ્ટ્રીય નિશાળ ખોલવામાં.'

રાષ્ટ્રીય નિશાળમાં ભણતર કેવું હશે એની માર્ગદર્શક ભૂમિકા બાંધતા ગાંધી કહે છે કે મુખ્ય શિક્ષણ શારીરિક, માનસિક અને ધાર્મિક આપવામાં આવશે. શારીરિક શિક્ષણમાં ખેતીવાડીનું, વણાટનું કામ શીખવવામાં આવશે. સુથાર, લુહાર ઈત્યાદિના હથિયારોનો ઉપયોગ શીખવવામાં આવશે.

ગાંધી સુથારી-લુહારી કામ રમૂજ ન થાય તે રીતે કેમ શીખી શકાય? (પર્સનાલિટી ડેવલપમેન્ટ) અકસ્માત થાય કે આગ લાગે ત્યારે ચૂપકીદીથી (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) કેમ કામ કરવું, આરોગ્ય સાચવણી સાથે ઘરઘથ્થુ ઈલાજો (નર્સિંગ) શીખવવાનું અને શરીરના અવયવોનું

> 'શિક્ષકમાં ઝવેરાત હશે તો શિક્ષણનો યાંત્રિક ભાગ છે એ તો સહુને મળી રહેશે'

(ગાંધીએ જાતિય શિક્ષણ એવો શબ્દો વાપર્યા વગર કહ્યું છે) અને ઝાડપાનનું (પર્યાવરણ) શિક્ષણ અપાશે એમ નોંધ્યું છે.

રાષ્ટ્રીય શાળાના શિક્ષણ વિશે વધુ તેઓ કહે છે વિદ્યાર્થીઓના માનસિક શિક્ષણમાં ગુજરાતી, મરાઠી, હિંદી અને સંસ્કૃત ફરજિયાત શીખવવામાં આવશે. વાલી તરીકે આજના સમયે આપણે ભલે આપણા સંતાનોને ગાડરિયા પ્રવાહમાં અંગ્રેજી માધ્યમમાં ભણાવવા માટે ઘેલા હોઈએ પણ ગાંધી એ સ્પષ્ટ કર્યું હતું. 'રાષ્ટ્રીય શાળામાં પહેલા ત્રણ વર્ષ ઇંગ્રેજી શીખવવામાં નહીં આવે.' માનસિક શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનો માનસિક વિકાસ અટવાય નહીં એ આશયે ત્રણ વર્ષ ઇંગ્રેજીને ભણતરમાંથી તિલાંજલિ આપવો જરુરી તેમને જરુર જણાઈ હશે.

આ ઉપરાંત ગણિતશાસ્ત્રમાં અંકગણિત, બીજ ગણિત તથા ભૂમિતિ, દેશી હિસાબ, નામું, ચાલુ તોલ, ઇતિહાસ, ભૂગોળ અને ખગોળવિદ્યાના મુળતત્ત્વો, રસાયણ શાસ્ત્રની પાયાની બાબતો તથા શિક્ષણમાં સામાન્ય ધર્મના તત્વો શીખવવાનો સમાવેશ કરવામાં આવશે એમ 'ભાર વગરનું ભણતર' એવા કોઈ સૂત્રાત્મક વાક્ય વિશેષણ વગર સરળ ભણતર થકી શ્રેષ્ઠ ગણતરનો ઈલાજ તેમણે રાષ્ટ્રીય શાળા થકી દર્શાવ્યો હતો.

આ શાળામાં દર વર્ષે શિક્ષણ લેનારનું જ્ઞાન લગભગ સારા ગ્રેજ્યુએટ જેટલું હશે એવી આશા વ્યક્ત કરતા તેઓ તર્ક રજૂ કરે છે કે વિદ્યાર્થીની ઉપર ઇંગ્રેજી શીખવાનો બોજો ઓછો રહેશે એટલે બચતા સમયમાં જે ઉપયોગી જ્ઞાન ગ્રેજ્યુએટને મળે છે તે તેમાં અપાઈ જશે. પરિક્ષા ભયમાંથી વિદ્યાર્થીને મુક્ત કરવામાં આવશે. દરેક વિદ્યાર્થીની તપાસ થતી રહેશે પણ તે શાળાના જ શિક્ષકો મારફતે. (Only Internal Exams! એમ આજના વર્તમાનનો સંદર્ભે નોંધવું પડે.)

ગાંધીની શિક્ષક વિશેની વાત એક જ વાક્યમાં સમાઈ જાય છે. ગાંધીએ કહ્યું છે - 'શિક્ષકમાં ઝવેરાત હશે તો શિક્ષણનો યાંત્રિક ભાગ છે એ તો સહુને મળી રહેશે.' અને વિદ્યાર્થી જયારે શાળામાંથી બહાર નીકળે ત્યારે તેની શક્તિનો વહેવારમાં ઉપયોગ કરે એ જ તેના શિક્ષકનું ખરું માપ ગણાશે. નોકરીએ વિદ્યા શીખવાનો હેતુ છે એ વહેમ દરેક પ્રસંગે દૂર કરવાં આવશે. આવા શિક્ષણ થકી વિદ્યાર્થીને થોડાં જ વર્ષોમાં એવો જુસ્સો આવવાનો સંભવ છે કે તેને પોતાની આજીવિકાને વિષ